॥ धर्मो रक्षति रक्षत: ॥

(એક ઉત્તમ વ્રત.)

એકાદશીનો મહીમા.

પ્રગટ કર્ત્તા.

મગનલાલ શંકર પટેલ.

સ્કુલ માસ્તર–જુથળ.

(કાઠિયાવાડ.)

દુહો.

શ્રી એકાદશી નીમમે, કરો શ્રી હરીપદ પ્રીત;
રમાનંદકે ધામમે, જાઓ નિશંક જગજીત.

સૂચના.

આ બુક પ્રજાબન્ધુ પ્રોવિડંન્ટ ફંડના ધર્માદા ખાતામાંથી મેમ્બરને ભેટ આપવા પ્રસિદ્ધ કરીછે.

અમદાવાદ–નિર્મળ પ્રીન્ટીંગ પ્રેસ.

મુલ્ય–સુપ્રસુતા.

વિજ્ઞપ્તિ.

અસ્તોદય એ સૃષ્ટીનો મહાન પ્રચલિત્ નિયમ છે. જેને આપણે આજ જોયાં તે કાલે દ્રષ્ટિગોચર થતા નથી. જે નશ્વર સુખને આપણે અતિ પ્રીય ગણી ભોગવીએ છીયે તે અંતે રહેતુ નથી તે ઉપરથી સિદ્ધ થાય છે કે કાળ પોતાનું કાર્ય ઝપાટાબંધ કરે જાય છે; અને આપણે મોહરૂપી નિદ્રામાં સુતા છીએ. આ લોકમાં લેશમાત્ર સુખ નથી છતાં સર્વે જનો પંચ વિષયના અલ્પ સુખ માટે રાત્રી દિવસ મહેનત કરી રહ્યા છે, પણ જ્યાં સુખનોજ નિધી છે ત્યાં જઇ સ્નાન કરતા નથી, એ કેટલું બધું અજ્ઞાન ? પ્રભુ તેવા જીવો ઉપર અનુકંપા કરો ? કે મોહરૂપી અઘોર રાત્રીમાંથી ઝટપટ જાગે. જ્યાં સુધી ઇંદ્રિયોના રાગ ન્યૂન થયા નથી ત્યાં સુધી સત્ય સુખ તરફ દ્રષ્ટિ કરવી પણ ગમતી નથી. ઈંદ્રિયોના વેગ એકાદશીના ઉપવાસે કરીને નિવૃત્ત થાય છે, અને જ્યારે ઈંદ્રિયોના તિવ્ર

વેગ ઓછા થાય ત્યારે પછી પ્રભુમાં પણ જીવ જોડાવાને સમર્થ થાય છે, તે માટે આ નાનો લેખ મુમુક્ષોને ઉપયોગી થવા માટે " ધી પ્રજા-બંધુ પ્રોવીડન્ટ ફંડના ધર્માદા ખાતામાંથી બહાર પાડવામાં આવ્યો છે, તે વાંચી કૃતાર્થ કરશો એવી આશા છે.

જુથળ. | દાસાનુદાસ
મગનલાલ શંકર પટેલ.
વસંતપંચમી. ૧૯૬૫ | સ્કુલ માસ્તર—જુથળ.

?? પારીતોષીક ??

" ધી પ્રજાબંધુ પ્રોવિડન્ટ ફંડ. "

હેડ ઓફીસ માળીઆ હાટીના

આ ફંડના પ્રવતર્કોનો મુળથી એવો આશય છે કે ગ્રંથો દ્વારા ધર્મની સંવૃદ્ધિ કરવી અને તેથી કરીને દરવર્ષની વહેંચણી વખતે એક ધર્મનો સુલેખ મેમ્બરોને વિના મુલ્યે વહેંચી આપવા બહાર પાડવો. આ સાલની વહેંચણી વખતે અમારા તરફથી " **શ્રી એકાદશી નો મહિમા** " એ નામનું પુસ્તક વહેંચવાનું હતું, પણ અનિવાર્ય કારણને લીધે બંધ રહેલ તે આજ આપની દ્દષ્ટિગોચર થાય છે. હવે આવતીસાલની વહેંચણી વખતે " **સંતમહિમા** " નામનું ઉત્તમ પુસ્તક બહાર પડશે માટે મેમ્બર થનારને આ ફંડથી બમણો લાભ છે. પોતાનો સ્વાર્થ સચવાય ને ધર્મના ઉત્તમ કાર્યોને વખતો વખત ટેકો મળે માટે મેમ્બર થઇ આવાં દેશોન્નતિના અને ધર્મના કાર્યને સહાયભૂત થાવા કૃપા કરો.

॥ धर्मो रक्षति रक्षतः ॥

એકાદશીનો મહિમા.

ઉત્પતિ.

સૂત પૌરાણીક શૌનકાદિક ઋષિઓને કહે છે. હે શૌનકાદિક ઋષિ ! હું આજ તમારા પાસે એકાદશીનો મહીમા કહું છું તે તમે શાન્ત મનથી શ્રવણ કરો. એકાદશી મહા પવિત્ર સુવ્રત છે, જે મનૂષ્ય ભાવથી આ વ્રત કરશે તે વિના પ્રયાસે ભગવાનને પ્રિય થઇ વિષ્ણુલોકમાં સહેજે જશે. હજારો યજ્ઞ કરવાથી પણ એકાદશીના વ્રતની સમાનતા કદી થતી નથી.

ત્યાર પછી અર્જુને શ્રીકૃષ્ણ પરમાત્માને પ્રશ્ન પુછયું કે હે મહારાજ! જ્યારે તે વ્રતનો આટલો બધો મહિમા છે ત્યારે તેની ઉત્પત્તિ કેમ થઇ હશે તે આજ મને કૃપા કરીને જણાવો.

ત્યારે ભગવાને પ્રસન્ન થઇ પરિઉત્તર આપ્યો. હે અર્જુન ! જ્યારે તમારે એકાદશીના વૃત્તની ઉત્પત્તિ સાંભળવાની તિવ્ર ઇચ્છા થઇ છે તો સાંભળો; હું તમને કહું છું. પૂર્વકાળમાં સત્યયુગમાં મહા વિચિત્ર અને સર્વ દેવને ભયંકર મર નામે દૈત્ય હતો, તેને સર્વ દેવતાને પોતાના સામર્થ્યથી જીતી લીધાં હતા. છેવટે ઇંદ્રને પણ તેને જીત્યો ત્યારે ઇંદ્રે તે વાત સદાશિવજીને કહી કે હે ! ભગવાન ! અમે બધા દેવ પોત પોતાના સ્થાનથી ભ્રષ્ટ થઇ પૃથ્વી ઉપર ફરીએ છીએ, હવે અમારી શી ગતિ ? અમારે શો ઉપાય કરવો ? શ્રી સદાશિવજી કહે છે કે, હે દેવરાજ, સકળ દેવમાં મોટા એવા ભગવાન બધા દેવને શરણે જવા યોગ્ય છે, કેમકે તે સકળ જગતનું પાલણપોષણ રાત્રિ દિવસ કરી રહ્યા છે તેજ આપણું કાર્ય પાર પાડશે. એવા નિલકંઠના વચન સાંભળી ઇંદ્ર મહા આનં-

દીત થયો, ને પછી બધા દેવ ક્ષિરસાગરમાં જ્યાં ભગવાને શયન કર્યું હતું ત્યાં આવ્યા તે વખતે ભગવાનને નિદ્રાવશ દીઠા તેથી શિવજી હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા. હે! સકળ દેવાધિદેવ! હે! દૈત્યારે! હે કમળ પત્રાક્ષ! હે મધુસુદન! અમારૂં રક્ષણ કરો! આ સર્વ દેવ દૈત્યથી ભય પામીને મારી સાથે આપને શરણ આવેલ છે. આપ સર્વને ઉત્પન્ન કરનાર છો, અને બધાને સાધન પણ આપજ છો, દેવને સહાયતા કરનારા અને શાન્તિ કરનારા તમેજ છો. જગતના માબાપ તથા ઉત્પતિ સ્થિતિ કરનારા તમે છો. પૃથ્વી અને આકાશ પણ તમારાં રૂપો છે. બધા જગત ઉપર ઉપકાર કરનારા તમે છો, માટે અમારૂ રક્ષણ કરો. રક્ષણ કરો.

આવાં સદાશિવનાં વચન સાંભળી, વિષ્ણુએ આ પ્રમાણે કહ્યું કે દૈત્યે દેવને જીત્યા એવો તે

કોણ ? તે ક્યાં રહે છે ? તેનું નામ શું ? હે ઇંદ્ર ભય ત્યાગીને મને સર્વ વાત કહે. ત્યારે ઇંદ્રે દીન વચનથી કહ્યું હે ભગવાન ! સકળ દેવાધિદેવ ! હે ભક્તને અનુગ્રહ કરવાવાળા નાડીજંઘ નામનો દૈત્ય પૂર્વે થયો હતો તેનો પુત્ર મર નામનો ઘણો પ્રસિદ્ધ મહા દૈત્ય છે. અને તેની ચંદ્રાવતી નામની નગરી છે, તે નગરીમાં રહી સર્વ દેવને જીતી સ્વર્ગમાંથી લાવી પોતાના તાબે કરી દીધા. ઇંદ્ર, અગ્નિ, વાયુ, ઇશ, સોમ, નૈરત્ય, અને વરૂણ એઓના સ્થાન ઉપર પોતે જઇ બેઠા અને પોતે સૂર્ય થઇ સર્વને પ્રકાશ કરે છે, પરર્જન્ય પણ પોતે થયો છે, આ પ્રમાણે બધા દેવ પોતેજ થયો છે. માટે હે ભગવાન આપ તે દૈત્યનો નિધ્વંશ કરી દેવને જય આપો. આવાં તેનાં વચન સાંભળી ભગવાનને ક્રોધ ચડયો અને ઇન્દ્રને કહ્યું કે એવા મોટા બળવાન દૈત્યને હું

મારીશ હવે તમારે બધાએ મારી સાથે તેની ચંદ્રાવતી નગરીમાં આવવું આવાં શ્રી ભગવાનનાં વચન શ્રવણ કરીને સર્વ દેવ વિષ્ણુની સાથે ગયા તો ત્યાં હજારો દૈત્ય ભગવાનની સામા થયા તેનો ભગવાને એક પળમાં નાશ કરી નાંખ્યો. ફક્ત મર દૈત્ય એકલોજ રહ્યો, તે યુદ્ધ ભૂમિમાં ઉભો રહીને ભગવાનની સાથે વારંવાર યુદ્ધ કરવા લાગ્યો. ભગવાન તેના શરીર ઉપર જે જે શસ્ત્ર ફેંકતા તે સર્વ તેના ઉપર પુષ્પ સમાન થઇ પડતાં હતાં, અને દૈત્યના તેજથી સર્વ અસ્ત્ર નિસ્તેજ થઇ છૂટી જતાં હતાં. પણ તે દૈત્ય જીતાણો નહિ એટલે ભગવાને બાહુથી યુદ્ધ કરવા માંડયું. તે એક હજાર વર્ષ સુધી ચાલ્યું, પણ મર નામનો દૈત્ય [illegible] નહિ. પછી ભગવાન તેનાથી થાકીને હેમવતી નામના ગુફામાં પોતાની દશ ઇંદ્રિઓ તથા અગિયારમું મન બહાર સમુદ્રકાંઠે મુકીને નિદ્રાવશ થયા, એટલામાં મર નામનો દૈત્ય હેમ-

વતી ગુફા કે જ્યાં ભગવાને શયન કર્યું હતું ત્યાં એકદમ આવી ચડયો. એવામાં ભગવાનની દશ ઇંદ્રિઓ અને અગિયારમા મનમાંથી એક મહા સ્વરૂપવાન શક્તિવાળી કન્યા ઉત્પન્ન થઇ, તેણે મર દૈત્યનુ માથું ખડ્ગવડે પૃથ્વી ઉપર નાંખ્યું. ભગવાન નિદ્રામાંથી જાગૃત થઇ જુએ છે તો પોતાની સમક્ષ મર નામનો મહા દૈત્ય મરેલો છે. અને એક મહા દેદીપ્યમાન કન્યા હાથ જોડી ઉભી છે. તે જોઇ ભગવાન વિસ્મય પામ્યા, પછી ભગવાને કહ્યું આ દૈત્ય કોણે માર્યો ત્યારે પાસે ઉભેલી પેલી કન્યા દીન વચનથી કહેવા લાગી. હે ભગવાન આપની અગિયાર ઇંદ્રિઓમાંથી ઉત્પન્ન થએલી હું, મેં આ દૈત્ય માર્યો છે. હે પ્રભુ આપ નિદ્રાવશ હતા ને એ દૈત્ય આપને મારવા દોડતો આવતો હતો. તેથી મેં તેને મારી નાંખ્યો છે; આવાં તે કન્યાનાં વચન સાંભળી ભગવાન

બોલ્યા કે હે દેવી ! તેં આ દૈત્યને માર્યો તેથી હું સંતોષ પામ્યો, અને દેવ પણ આનંદયુક્ત થઇ પુષ્ટ થયા. તેં આજે ત્રણે લોકમાં આનંદ ઉત્પન્ન કર્યો એ માટે હે સુવ્રતે ! હે દોષ રહિત હું તને પ્રસન્ન થયો છું મારી પાસેથી વર માગી લે. દેવને પણ દુર્લભ એવો વર હું તને આપીશ. આવાં શ્રી ભગવાનનાં વચન સાંભળી તે કન્યા બોલી હે ભગવાન આપ જો મારા ઉપર પ્રસન્ન થયા છો, તોવરદાન આપો કે એકાદશીના ઉપવાસ કરનારા માણુસને હું મહા પાતકમાંથી મુક્ત કરૂં. શ્રી ભગવાને રાજી થઇ કહ્યું કે મહારી અગિયાર ઇંદ્રિઓમાંથી તું ઉત્પન્ન થઇ છે માટે આજથી તારૂં નામ " એકાદશી " જા તારી માંગણી સ્વીકારી હું વર આપું છું કે તારૂં વૃત રહેનાર મનુષ્ય આ લોકમાં તથા પરલોકમાં અનંત પ્રકા. રનાં સુખ ભોગવશે, અને અંતે મારા ધામની

વિના પ્રયાસે પ્રાપ્તી થશે, કરોડો પ્રકારનાં કરેલાં પાતક પણ તારૂં નામ લેવાથી નાશ થઇ જશે. ત્રણ લોકમાં જે મારા ભકતો છે તે સર્વ તારા ભક્ત થશે, અને ત્રૈલોકમાં વિખ્યાત થઇ અંતે માહારી પાસે આવશે. તારૂં વૃત્ત કરવાથી બધાં વૃતો, દાનો, અને તીર્થોથી વિશેષ ફળ પ્રાપ્ત થશે. અને હું તને સત્ય કહું છું. આ પ્રમાણે વર આપીને ભગવાન ત્યાંજ અંતરધ્યાન થયા, અને તે સમય તે એકાદશી આનંદ થકી પુષ્ટ થઇ.

મહીમા.

(નિત્ય નિયમ વિધીમાંથી)

૧ બ્રહ્મહત્યા આદિક સર્વે પાપ તે એકાદશીના દિવસે અન્નને આશ્રિને રહે છે.

૨ સર્વે પાપ એકાદશીને દિવસ અન્નના ખાનારા મનુષ્યને વળગે છે, મા, બાપ અને ગુરૂ તેમને માર્યાનું જે પાપ છે તે તેને લાગે છે.

૩ એકાદશીને દિવસ જો અન્નને ખાય તો એક એક કોળીએ આખી પૃથ્વીનું પાપ લાગે છે.

૪ બ્રહ્મહત્યા ઇત્યાદિક સર્વે પાપ તેના નિવારણનો ઉપાય તો ડાહ્યા પુરૂષ તેમણે શાસ્ત્રને વિષે કહ્યો છે પણ એકાદશીના દિવસે અન્નના ખાનારા પુરૂષને પાપનું નિવારણ નથી કહ્યું.

૫ આ લોકમાં દારૂ જે પીએ તે એકલો નર્કમાં પડે છે. પણ એકાદશીને દિવસે અન્નનો

ખાનારો મનુષ્ય તે તો પોતાના પિત્રી સહિત નર્કમાં પડે છે,

૬ વિધવા સ્ત્રી હોય અને જો એકાદશીને દિવસે અન્ન ખાય, તો તેનું સર્વે પુણ્ય નાશ થઇ જાય ને તે વિધવા સ્ત્રીને દિવસ દિવસ પ્રત્યે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.

૭ એકાદશીના વ્રતરૂપી અગ્નિએ કરીને સો જન્મના પાપ બળીને ભસ્મ થાય છે.

૮ કળીયુગમાં એકાદશીનું વ્રત જેવું પાપને ટાળનાર છે તેવું એકે નથી.

૯ એકાદશીનું વ્રત જ્યાં સુધી નથી કર્યું ત્યાં સુધી દેહમાં પાપ રહે છે, ને વ્રત કર્યા પછી લેશ માત્ર રહેતું નથી.

૧૦ સૂર્ય, ચંદ્રના ગૃહણ વખતે કુરૂક્ષેત્રમ ગાયના દાને કરીને જેટલું પુણ્ય થાય છે તેટલું એકાદશીના એક ઉપવાસે થાય છે.

૧૧ ધન, સ્ત્રીના ત્યાગી એવા લાખ તપ-સ્વીને તે જેના ઘરને વિષે સાઠ હજાર વર્ષ સુધી જમે તેણે કરીને જેટલું પુણ્ય થાય છે તેટલું એકાદશીના ઉપવાસે કરીને પુણ્ય થાય છે.

૧૨ હજાર અશ્વમેધ તથા સો રાજસુયજ્ઞે કરીને જેટલું પુણ્ય થાય છે તેટલું પુણ્ય એક એકાદશીના ઉપવાસે થાય છે.

૧૩ અગિયાર ઇંદ્રિએ જે પાપ કર્યાં હોય તે એકાદશીના ઉપવાસે નાશ થાય છે.

૧૪ એકાદશીનું વ્રત યમપુરીનું દર્શન કરવા દેતું નથી.

૧૫ એકાદશી બરોબર પાપનું નાશ કર-નારૂં બીજાું એકે વ્રત નથી.

૧૬ એકાદશી મોક્ષને આપે એવી છે, સ્વર્ગને અપાવે એવી છે, ને શરીરના રોગને મ-ટાડનારી છે. દીકરા, સ્ત્રી રાજ્ય એ સર્વેને અ-

પાવે એવી છે. જેને આ લોકના સુખની ઇચ્છા છે તે ઇચ્છા એકાદશીના વ્રતથી ફળીભુત થાય છે.

૧૭ ગંગા, જમના, ગયા, કાશી, પુષ્કર, કુરૂક્ષેત્ર, રેવા, વિગેરે મહાન પવિત્ર તિર્થો પણ એકાદશીના ઉપવાસ બરોબર થતાં નથી.

૧૮ એકાદશીના વ્રતના જાગરણનો મહિમા અકથ્ય છે.

૧૯ દશ માતાની પેઢી, તથા દશ પીતાની પેઢી તથા દશ પોતાની સ્ત્રીની પેઢી તથા દશ પોતાની પેઢી એવી રીતે ચાળીસ પેઢીનો મોક્ષ એકાદશીનું વ્રત કરે છે.

૨૦ એકાદશી કલ્પવૃત તથા ચિંતામણી સમાન છે.

૨૧ એકાદશીના વ્રતને આશર્યા એવા પુરૂષ ભગવાનના ધામને પામે છે અને ફરીને સંસારને પામતા નથી.

૨૨ આ પૃથ્વીના વિષે સર્વે પાપરૂપી ઇં-
ધણાં (લાકડાં તેને બાલનારો જે અગ્નિ સરખો
એવો એકાદશીનો મહિમા છે.

મહાત્મના ઉત્તમ પદો.

રાગ ગરબી.

કોડે કોડે એકાદશી કીજીએરે,
એવું વ્રત જાવા નવ દીજીએરે. કોડે. ટેક.

એવું વૃત કરે તે ધન્ય માનવીરે,
તે તો નાહ્યા કોટીકવાર જાનવીરે. કોડે. ૧

જેણે વચન પ્રમાણે વ્રત આદર્યુંરે,
તેણે કારજ પોતાનું સર્વે કર્યુંરે. કોડે. ૨

એનો મહિમા મુનીવર ગાયછેરે,
અવિનાશી મળ્યાનો ઉપાયછેરે. કોડે. ૩

બ્રહ્માનંદ કહે એમાં હરી રહ્યા વશીરે,
કીધી ઓધવ પ્રમાણે એકાદશીરે. કોડે. ૪

જાહેર ખબર.

ધી પ્રજાબંધુ પ્રોવીડન્ટ ફંડ.

હેડ ઓફીસ—માળીઆ હાટીના.

મુખ્ય બ્રાન્ચો—ભાયાવદર, કોડીનાર, માંગરોળ, ધોરાજી, પોરબંદર, કૂતિયાણા, વેરાવળ, જુનાગઢ, કેસોદ, ચોરવાડ, માધવપુર, મેંદરડા, બાટવા, ઇત્યાદિ.

આત્ર પહેલાજ વર્ષમાં મરણ જનાર મેમ્બરના વારસને એકના તેરગણાનો અ. લભ્ય લાભ નિચે પ્રમાણે આપ્યો છે.

નંબર ચાલતો	રજીષ્ટર નંબર.	મેમ્બરના વારસનું નામ.	ગામ.	ભરેલ રકમ.	મળેલ રકમ.
૧	૨	૩	૪	૫	૬
૧	૫૦	જાફરમીયાં અહમદમીયાં	શેરીઆખાણુ વહીવટદાર	૫	૬૫
૨	૬૯	રણછોડ માણેકચંદ	માંગરોળ	૯	૧૧૭
૩	૨૯૨	સોચી વશરામ હીરા	માંગરોળ	૯	૧૧૭
૪	૨૦૨	કાળીદાસ ભાણજી	કોડીનાર	૯	૧૧૭
૫	૨૦૧	નાનજી ગોવીંદજી	કોડીનાર	૧૦	૧૩૦
૬	૯૯	ઠા. વેલજી દામજી	સામરડાસોરઠ	૧૧	૧૪૩
				૫૩	૬૮૯

ખુશ ખબર.

ધી પ્રજાબન્ધુ પ્રોવિડન્ટ ફંડના

મુખ્ય નિયમો.

૧ ગમે તે સ્ત્રી યા પુરૂષ નાત, જાત, ઉમર તથા ધર્મના તફાવત વિના દાખલ થઇ શકે છે.

૨ પુરા દોઢસો દિવસે મેમ્બર હકદાર થઇ શકે છે.

૩ આબાદી માટે સારૂં રીઝર્વ ફંડ રાખવામાં આવ્યું છે.

૪ મરણના ફાળા તુરત ચુકવવામાં આવે છે.

૫ લવાજમ શીના ચોખ્ખા દશ ટકા ફાળામાં વહેંચી આપવામાં આવે છે.

૬ ગરીબ સ્થિતિના મરણ પથારીએ પડેલ હકદાર મેમ્બરને યોગ્ય મદદ આપવા માટે પૈસાની જરૂર પડે ભરેલ લવાજમના પ્રમાણમાં અમુક રકમ આપવામાં આવે છે.

વહીવટ.

આ કંપનીનો વહીવટ અંગ્રેજી પદ્ધતિની સાથે ગુજરાતી સરાફીની શૈલી મુજબ આવરા ખાતાવહીથી રાખવામાં આવે છે. રોજમેળ સાંજના સિલિક મેળવ્યા પછી નિયમિત બંધ કરવામાં આવે છે, અને તેમાં એકાંન્ટકીપર તથા પ્રમુખ બંન્નેની સહી કરવામાં આવે છે જેથી હિસાબની ચોખવટ ઘણીજ સારી સચવાય છે. તેના ઉત્તમ પ્રકારના સારા આબરૂદાર અમલદારો તથા ગ્રહસ્થોનાં સર્ટીફીકેટો મળ્યાં છે, મેમ્બરની સંખ્યામાં દિનપરદિન સારો વધારો થતો જાય છે, આ કંપનીમાં સારા આબરૂદાર એજંટોને કામ સોંપેલું હોવાથી મેમ્બરને કોઇ પણ પ્રકારની મુશીબતો વેઠવી પડતી નથી અને ઘેર બેઠે કંપનીના પ્રવરતકો એજંટ મારફત મરણના ફાળા

તુર્ત ચુકવવામાં આવે છે. માટે મેમ્બર થનાર તથા અજંટ થનારે એક પોષ્ટકાર્ડથી ખબર આપવ કે જેથી કરીને ફંડના ધારા ધોરણ તુર્ત મોકલી દેવામાં આવશે.

ધી પ્રજાબન્ધુ પ્રોવિડન્ટ ફંડ

માળીઆ હાટીના

કાઠીયાવાડ.

" ઉત્તમ ભેટ. "

અમારા ધી પ્રજાબન્ધુના મેમ્બરોને પહેલા વર્ષમાં વહેંચણી સમય " એકાદશીનો મહિમા " એ નામનું અતિ ઉત્તમ પુસ્તક ભેટ આપવા નક્કી કરેલું હતું. પુસ્તક મોટું છપાવાથી વાંસેથી ભેટ આપવી શરૂ કરી છે. બીજા વર્ષની વહેંચણીના વખતે " સંત મહિમા " એ નામનું પુસ્તક ભેટ આપવામાં આવશે. આવાં ધર્મનાં ઉત્તમ કાર્ય કરી જેમ બને તેમ મેમ્બરનું હીત સાચવવું એજ અમારો મુખ્ય ઉદ્દેશ છે.

જી. આર. એમ. એમ. કું.

માળીઆ હાટીના.

"અંતે ધર્મ જય."

મ્હારા તરફથી બહાર પડેલાં પુસ્તકો.

મોહનમાળા	૦—૪—૦
ભક્તિમાળા	૦—૪—૦
સુખી સદન	૦—૬—૦
કૃપોળવતી	૦—૩—૦
શીખામણના શબ્દો.	૦—૪—૬
ખરો ખજાનો (છપાય છે)	૦—૮—૦
મોહન મહીમા.	૦—૪—૦
કામનાથની સ્તુતી.	૦—૨—૦
બોધ વચન.	૦—૨—૦
માનસિંહ	૦—૪—૦
વૈકુંઠનું વિમાન. (છપાય છે.	૧—૦—૦

આભારી
મગનલાલ શંકર પટેલ.
સ્કૂલમાસ્તર—જુથળ.
પોસ્ટ—માળીયા હાટીના.

નવીન ખબર.

ધી ખેતીવાડી શુભેચ્છક પ્રોવિડન્ટ ઇન્સ્ટી-ટયુશન એ નામનું ખેતીને ઉપયોગી મંડળ ખુલ્યું છે. ધારા ધોરણ મંગાવી ખાત્રી કરો.

માંગરોળ. (કાઠીયાવાડ) } રણછોડલાલ માણેકચંદ
મેનેજર.

લાવણી

(જોડી તેં નવ જોઇ માડી એ રાગ.)

પ્રભુને એકાદશી પ્યારી,
એ વ્રતનો મહિમા બહુ ભારી; સુણજો નરનારી. ટેક.
કોટી ગૌદાન ભલે કીધાં;
એકદશી તુલ્ય એક ન આવે, ભલે દાન દીધાં. પ્રભુ.
પાપી જો હોય કોઇ ભારી;
એ વ્રતનો મહિમા સુણ્યાથી તરી નરનારી. પ્રભુ
ઘેર સો ગંગાજી રાખો;
એ વ્રતનો મહિમા વિચારી હરીરસ ચાખો. પ્રભુ.
કદી વ્રત જાવા નહિ દેવું;
કામ બગાડી જગના સૌ કોઇ એ વ્રતને રહેવું. પ્રભુ.
પ્રભુને પ્રાણ થકી પ્યારી;
મગનલાલની અલ્પ સ્તુતિ આ સુણજો નરનારી. પ્રભુ.

ચિંતામણી.

વિખના વ્યસનીને સાકર કદી પણ સુખ-રૂપ થતી નથી, તેમજ જવાસો વરસાદ આવવાથી ઉલટો સુકાઇ જાય છે. હય ખારેકથી દુઃખી થાય છે. ગિંગો ગોળ મળવાથી હેરાન થઇ જાય છે, પયપાકથી કુકડો સુખી થતો નથી, ખારા પાણીમાં રહેનારૂં માછલું દૂધમાં રહેવાથી દેહ મુકી દેય છે. સિંહણનું દુધ કનક પાત્ર વિના રહી શકતું નથી, ગારામાં આનંદ માનનારો દેડકો અમૃતની ચાહના કદી કરતો નથી, રવિના પ્રકાશથી આખી સ્રષ્ટીમાં પ્રકાશ છવાઇ રહે છે, પરંતુ ધૂળ, છીપાં, ને વડવાંગળાને અંધકાર જતો નથી, ઘી અને મિશરીમાં કીડો રહેતો તુર્ત મરી જાય છે.

ગધેડાને શાકર શત્રુરૂપ થઇ પડે છે, પશુ-ઓના આંચળ ઉપર રહેનારી ઇતડી કે જે નિરં-

તર રૂધીરનું પાનજ કરે છે તે કદી દુધના સ્વાદ લેતી નથી. કાગડો કપુરને શું કરે, કસ્તુરીની સુવાસ નાક વિનાનો લઇ શકતો નથી. મૃગના ડુંટામાં કસ્તુરી છે પણ તેની તેને ખબર નહી હોવાથી વનમાં ચારે તરફ ભટકે છે તેમ અભાગી જનો પ્રભુના શરણ વિના નિરંતર દુઃખી થાય છે. જો કે તેની ભૂલ તો મણમાં આઠ પાનશેરીની છે તોપણ કહેવાથી તેને પાત્ર વિના જ્ઞાન થતું નથી. આ ભવસાગરમાં અવતરી જેને શ્રી હરીને જાણ્યા નહિ તેનું જીવતર આંકડાના ગોધલા બરોબર નિરર્થક છે. મૃત્યુ જન સમુહને દીન પ્રતિદીન ગ્રસતું જાય છે તોપણ મોહ રૂપી રાત્રીમાંથી અભાગી જનો જાગૃત થતા નથી. તોપના મોઢે બાંધેલ માણસને જેમ સુખડું મીઠું લાગતું નથી તેમ આપણે જગતમાં ઉપશમ દશા કરવાની છે. વખત વખતનું કામ બજાવે છે, ને હાથમાંથી

હીરો ખોવાઇ જવાથી વાંસેથી દિલગીરીનો પાર રહેતો નથી. ભરતખંડમાં મનુષ્ય જન્મની ઉત્તમતા બહુજ છે. તેનો વિચાર કરી પ્રભુના નામ વિના એક ક્ષણ પણ નકામી ગુમાવવી નહિ. હે મારા વિવેકી ભાઇઓ આ ભવસાગરની ટુંકી મુસાફરી પુરી કરી પ્રભુના ધામમાં અવશ્ય જવાનું છે. એ ભુલવાનું નથી.



જાહેર ખબર.

જુઓ! જુઓ!! વખત જાં
કમીશની રકમ નજીવુ ખાઇ મ
નામ "ધી પ્રજાબંધુ પ્રોવિડન્ટ ફંડ"
તેનો વિચાર તો કરો? તમોને
પાછળનું કુટુંબ હોય અને કમીશની
ખર્ચ થતો હોય તો તેનો અટકાવ ક. પ. ..
નહાના જતા પૈસા બચાવ્યા ફંડમાં ભરો કે ..
વખતે તમારા નિરાધાર વારસને સારો લાભ મ

ધી પ્રજાબંધુ પ્રોવિડન્ટ ફંડ પ્ર
એક નામાંકીત ગૃહસ્થના બે બોલ.

" હું તમારો રીપોર્ટ તથા પદ્ધતિ જોઇ ઘણોજ રાજી થયો છું. હાલમાં કાઠીયાવાડમાં ઘ ફંડ ઉત્પન્ન થયાં છે તેના સાથે સરખાવતાં તમ ફંડની ગોઠવણ હું વધારે પસંદ કરું છું. ને .. ડારા ભાઈ સંબંધીઓને તેમાં ખાસ મેમ્બર થવા ભલામણ કરું છું. "
